



અમરેલી, ગાંધીનગર અને સુરતથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.Amreli / 69/12-14 Validup to 31/12/14

सत्यमेव जयते

AVADH TIMES DAILY

પાના ૮ કિંમત રૂા.૩-૦૦

તા.૧૨-૯-૨૦૧૪ શુક્રવાર

# અવધ ટાઇમ્સ

સૌરાષ્ટ્ર આવૃતિ

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેકસ : ૨૨૦૧૫૫ /૨૨૪૯૪૭

Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,avadhtimes1@rediffmail.com, news@avadhtimes.net,






તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ, હેડપોસ્ટ ઓફિસ સામે, અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે, અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૭૦ ભાદરવા વદ ૪ વર્ષ : ૧૯ અંક ૨૨


**કાશ્મીરમાં સર્જાયેલી વર્તમાન સ્થિતિને કારણે સર્જાયેલી તબાહીના સમાચારો વચ્ચે ચિંતાજનક વાવડ**

# અમરેલીથી કાશ્મીર ગયેલ દંપતીનો સંપર્ક કપાયો : શોધખોળ

**અમરેલીમાં ચિંતાની લાગણી કાશ્મીરમાં વ્યાપક શોધખોળ**

**રાજયના પુર્વ કાયદામંત્રી શ્રી દિલિપભાઇ સંઘાણીના ભાઇ શ્રી કાળુભાઇ સંઘાણી સજોડે સુરત સ્થિત વેવાઇ દંપતિ સાથે કાશ્મીર પ્રવાસે ગયેલ**

**એક વખત નજીકના મિત્ર સાથે સંપર્ક થયા બાદ ફરી સંપર્ક કપાયો**

અમરેલી,કાશ્મીર ખાતે સર્જાયેલી પુરની સ્થિતીમાં અમરેલીનું દંપતિ અને તેના વેવાઈ એવું સુરતનું તબીબ દંપતિ લાપતા થઈ જતા ભારે ચીંતાની લાગણી છવાઈ છે.અમરેલીના શ્રી કાળુભાઈ સંઘાણી તથા શ્રીમતી નર્મદાબેન સંઘાણી અને તેમના વેવાઈ સુરતના ડો. મધુભાઈ પડશાલા અને તેના ધર્મપત્ની કાશ્મીર ગયા હતા અને અચાનક ત્યા સર્જાયેલી પુરની સ્થિતિને કારણે તેમનો સંપર્ક કપાઈ ગયો હોવાનું જાણવા મળેલ છે.

રાજયના પુર્વ કાયદા મંત્રી શ્રી દિલીપભાઈ સંઘાણીના ભાઈ શ્રી કાળુભાઈ સંઘાણી સજોડે કાશ્મીર ગયા હતા અને ત્યા સર્જાયેલી સ્થિતિથી

(અનુસંધાન પાનાનં.૭)

## અમરેલીમાં વિવેકાનંદ રથયાત્રાનું આગમન



રામકૃષ્ણ ટ્રસ્ટ રાજકોટ દ્વારા નિકળેલ શ્રી સ્વામી વિવેકાનંદ રથ યાત્રા અમરેલીમાં આવી પહોંચતા પાઠક સ્કુલ ખાતે સ્વાગત કરવામાં આવ્યુ હતુ તે વેળાએ રથ તસવીરમાં નજરે પડે છે.

## કુંડલા તાલુકા ખરીદ વેચાણ સંઘના પ્રમુખપદે શ્રી દિપકભાઇ માલાણીની બિનહરીફ વરણી

**અગાઉ મળેલી સંઘની બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ ૮ સભ્યો બિનહરીફ થયેલા**

અમરેલી,સાવરકુંડલા તાલુકા ખરીદ વેચાણ સંઘના ૮ સભ્યો બીનહરીફ થયા છે. જેમાં ચેરમેનપદે શ્રી દિપક માલાણી પણ બીન હરીફ થયા છે.સાવરકુંડલા તાલુ સહકારી ખરીદ વેચાણ સંઘની ચુંટણી શ્રી બાબુભાઈ પાટીદારની આગેવાનીમાં લડાતા ૮ સદસ્યો બિનહરીફ થયા છે. આ બિનહરીફ થયેલા સભ્યોમાં પાઘડાર બાબુભાઈ

(અનુસંધાન પાનાનં.૭)

## દામનગરની મેથળી પ્રાથમિક શાળામાં શિક્ષક અને શિક્ષિકા વચ્ચે લાફાવાળી

**શિક્ષકો મારામારી ઉપર ઉતરી પડતા શાળાના બાળકો ભયભીત થઇ ગયા**

અમરેલી,

દામનગરની મેથળી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષક - શિક્ષીકા વચ્ચે તકરાર થતા મારામારી થતાં શાળાના બાળકનો ભયભીત બન્યા હતા. અને મામલો પોલીસ દફતરે પહોંચ્યો હતો.આ બનાવની દામનગરની મેથળી

(અનુસંધાન પાનાનં.૭)

## બાબરામાં વેપારીની નજર ચુકવી ગઠીયાઓ રૂા.૮૫ હજારની રોકડ ભરેલ પાકીટ ઉઠાવી ગયા

**ગ્રાહકના સ્વાંગમાં આવેલા બે ગઠીયાનું પરાક્રમ પોલીસમાં જાણ કરાઈ : વેપારીઓ એકઠા થયા**

બાબરા,બાબરામાં ચીતલ રોડ ઉપર આવેલ અનાજ કરીયાણાની દુકાનના વેપારીની નજર ચુકવી ગ્રાહકના સ્વાંગમાં આવેલા બે ગઠીયાઓ રૂા.૮૫ હજારની રોકડ ભરેલ પાકીટ ઉઠાવી જતા વેપારીઓનો મોટો સમુદાય એકઠો થયો હતો.આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર બાબરામાં ચિતલ રોડ આવેલ આશુતોષ ટ્રેડીંગ નામની અનાજ કરીયાણા અને પશુ આહારની દુકાન ચલાવતા પરશોતમભાઈ નાગજીભાઈ ઠક્કર ઓધીયા (ઈંગોરાળાવાળા)ની દુકાને આજે સવારે ગ્રાહક બની આવેલા બે યુવાનોએ પીરની દરગાહ માટે તલ, લોટ, ઘઉ, ખરીદવાનું કહી ભાવ તાલ જાણી રૂા.૧૦૦૦ના છુટા આપવાનું કહી

(અનુસંધાન પાનાનં.૭)

**ટ્રાફિકના નિયમો તો ભાઇ બધા વાહનો માટે સરખા...**

## અમરેલી શહેરમાં ટ્રાફિક જામ કરનાર એસટીની બસ પોલીસની ઝપટમાં : ડ્રાઇવરને દંડ ફટકાર્યો

**રાજકમલ ચોકમાંથી મુસાફરો ભરેલ એસ.ટી.બસ પોલીસ સ્ટેશને લાવતા મુસાફરોના જીવ ઉચક : અંતે દંડ વસુલી બસને રવાના કરાઇ**



અમરેલી,

અમરેલી શહેર પોલીસ દ્વારા શહેરમાં ટ્રાફિક સમસ્યા હલ કરવા ચાલી રહેલી ઝુંબેશને શહેરભરમાંથી ભારે આવકાર સાંપડી રહયો છે આજે રાજકમલ ચોક વિસ્તારમાં ટ્રાફિક જામ કરનાર એસ.ટી.બસને મુસાફરો સાથે પોલીસ સ્ટેશને લાવતા મુસાફરોનાં જીવ ઉચક બન્યા બાદ પોલીસે બસનાં મુસાફરો હેરાન થાય તે હેતુથી બસને ડીટેઈન કરવાના બદલે ડ્રાઈવર પાસેથી નિયમોનુસાર દંડ વસુલી બસને મુક્ત કરતા મુસાફરોએ હાશકારો અનુભવ્યો હતો.અમરેલી એસ.પી.શ્રી.મકરંદ

(અનુસંધાન પાનાનં.૭)

## રાજુલાના કડીયાળીના દારૂ પ્રકરણમાં ફરાર આરોપીઓની શોધખોળ શરૂ

**અડધા કરોડ ઉપરાંતનો દારૂ ઉતારનાર મુખ્ય સુત્રધાર કોણ ? : ઉંડાણપૂર્વકની તપાસ શરૂ**

અમરેલી, રાજુલાના કડીયાળી ગામેથી એલસીબી પોલીસે અડધા કરોડ ઉપરના દારૂ, બીયર જથ્થો ઝડપી લઈ અલગ

(અનુસંધાન પાનાનં.૭)

**મિલ્કતમાં ત્રાહિતોના અધિકારો ઉભા થઇ જાય તેરી તે**

## અમરેલીમાં વેરાઇમાના મસ્જિદની મિલ્કતમાં ગેરકાયદેસર અને ગુન્હાહીત કાર્યવાહી

**અમરેલી કોર્ટમાં ફરીયાદ નોંધાઇ**

અમરેલી,

અમરેલીમાં આવેલ સુપ્રિસિધ્ધ શ્રી વેરાઈ માતા મંદિર જે સબ જેલ પાસે આવેલ છે તે મિલ્કતમાં અમરેલી નગરપાલીકા દ્વારા મિલ્કતમાં ત્રાહીતોના

(અનુસંધાન પાનાનં.૭)

## લાઠીની સીમમાં એલસીબીનું પેટ્રોલીંગ થતાં વાડીમાંથી દારૂ - બીયર ઝડપાયો

**એલસીબીએ રેઇડ પડતા વાડી માલિક ફરાર થઇ ગયો : દારૂ બીયરનો જથ્થો કબજે લેવાયો**

અમરેલી, અમરેલી લોકલ ક્રાઈમ બ્રાંચ દ્વારા લાઠી સીમમાં પેટ્રોલીંગ દરમિયાન વાડીમાંથી ઈંગ્લીશ દારૂ અને બીયરનો જથ્થો મળી આવતા કબજે લઈ વાડી માલીક સામે ગુનો નોંધેલ છે.અમરેલી લોકલ ક્રાઈમ બ્રાંચ દ્વારા પેટ્રોલીંગ દરમિયાન નનકુભાઈ દાનાભાઈ ડાંગરની વાડીમાંથી ઈંગ્લીશ દારૂ બોટલ નંગ - ૧૩૫ અને બીયર નંગ - ૩ કિ.રૂા. ૪૦૮૦૦ નો જથ્થો ઝડપી લઈ રેઈડ દરમિયાન નાસી જનાર નનકુ ડાંગર વિરૂધ્ધ લાઠી પોલીસ મથકમાં જાહીદભાઈ મકરાણીએ ફરીયાદ નોંધાવેલ છે.

## સાવરકુંડલાનાં મીતીયાળામાં મહિલા સામે ટગર ટગર જોવા બાબતે લાકડીઓ ઉડી

**લાકડી અને પથ્થરના ઘા થતા બેને ઇજા : સામસામી ફરિયાદો**

અમરેલી, સાવરકુડલાના મીતીયાળામાં મહિલા સામે નજર કરતા બે શખ્સોને ઠપ્કો દેવા બાબતે સામ સામી મારા મારી થતાં પોલીસ દફતરે ફરીયાદ નોંધાઈ છે.આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર સાવરકુડલાના મીતીયાળામાં

(અનુસંધાન પાનાનં.૭)

## રાજુલાનો ભંડારીયામાં નવ સિંહોના ટોળાએ નીલ ગાયનું મારણ કર્યુ

**ધોળા દિવસે રોડના કાંઠે સિંહોએ મારણ કરતા લોકોએ સિંહ દર્શન નિહાળ્યુ**

રાજુલા,રાજુલાના ભંડારીયા નજીક માર્ગની સાઈડમાં નવ જેટલા સિંહોએ નીલગાયનું મારણ કરતા લોકોએ સિંહ

(અનુસંધાન પાનાનં.૭)

## સાવરકુંડલામાં પોલીસ ઉપર હુમલો કરનાર બે દેવીપુજકો ઝડપાઇ ગયા : દસ હજુ ફરાર

**દોલતી ગામે જુનાગઢ આરઆરસેલના કર્મીઓ ઉપર હુમલો કરેલો હતો**

સાવરકુંડલા,

સાવરકુંડલાના દોલતી ગામે નજીક બે દિવસ પહેલા જુનાગઢ આર.આર.સેલની બ્રાન્ચના પોલીસ કર્મીઓને મુંગા ઢોરની કોશીશ કરતા

(અનુસંધાન પાનાનં.૭)

જુનાગઢ આર.આર.સેલના પોલીસ કર્મીઓ પર જીવલેણ હુમલો કરનાર નરાધમો પૈકીના બે આરોપીઓને રૂલર પોલીસએ પકડી પાડીને કાયદાનું ભાન કરાવેલ હતુ.સાવરકુંડલાના દોલતી ગામ

**જલજીલણી એકાદશીના દિવસે**

## હાથીગઢના ઠાકોરજીના દ્વારીકામાં ધામા : હાથીગઢ સૂનુ સૂનુ રે લોલ..

**ઠાકોરજીએ ઈતિહાસમાં પહેલી વખતે હાથગીઢ છોડયું**



હાથીગઢ (શ્રીકાંતદાદા દવે),લીલીયા તાલુકાના હાથીગઢ ગામના શ્રીરામજી મંદિર ના ઠાકરજીને દરવર્ષે ગામના તળાવમાં, ગાગડીયો નદીમાં કયારેક શેત્રંજી નદીમાં જલજીલણી એકાદશીના રોજ સ્નાન કરાવવાનું માહત્મય હતુ. આ વર્ષે આશ્રમ મંદિરના પુજારી શૈલેષબાપુ દેવમુરારીએ પ્રભુકૃપાથી

(અનુસંધાન પાનાનં.૭)

## ખાંભાનાં ડેડાણમાં સગીરાનો આપધાત

અમરેલી,

ખાંભાના ડેડાણમાં રહેતી નયનાબેન સરમણભાઈ કોળી ઉ.વ.૧૬ કોઈ અકળ કારણોસર ઝેરી દવા પી જતા તેને રાજુલા દવાખાને ખસેડાત સારવારમાં મોત થયાનું પોલીસમાં જાહેર થયેલ છે.

## ધારીના કરેણ છતડીયાના પાટીયા પાસે સામસામી મારીમારી સર્જાતા બેને ઇજા

**કેસ પાછો ખેંચી લેવા બાબતે તકરાર થતા લાકડી, ધોકાના ઘા થયાં**

અમરેલી,

ધારીના કરેણમાં રહેતા અને કોર્ટ મુદતમાંથી પરત ફરત દરબારો વચ્ચે કેસ પાછો ખેંચી લેવા તકરાર થતા સામસામી મારામારીની ફરીયાદ નોંધાઈ છે.

આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર ધારીના કરેણમાં રહેતા મનુભાઈ દાદભાઈ કાઠીને બે વર્ષ પહેલા ગામના અનકભાઈ અમરાભાઈ વાળા સામે ફરીયાદ નોંધાવેલ જે ગુનામાં કેસની આજે મુદત હોવાથી આવેલ અને પરત છતડીયા પાસે પહોચતા ગામના અનકભાઈ અમરાભાઈ , ભુપતભાઈ નાથાભાઈ વાળાને તેમને ઉભા રાખી કેસ પાછો ખેંચી લેવા બાબતે ધોકા વડે મારમારી પ્રતાપભાઈને છરી બતાવી ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવેલ છે. જયારે સામાપક્ષેથી અનકભાઈ અમરાભાઈ વાળાએ પણ ગામના મનુભાઈ દાદાભાઈ, પ્રતાપભાઈ, મનુભાઈ સામે ઉપરોક્ત બાબતનું મન દુઃખ લાકડી વડે મારમારી છરી બતાવી ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવેલ છે.







# વીર અબ્દુલ હમીદ શહાદત દિનની ઉજવણી



ધી લેજેન્ડ વીર અબ્દુલ હમીદ શહાદત દિનની ઉજવણી ગાજીપુર (ઉતરપ્રદેશ)માં ઉજવવામાં આવી હતી. ટુમેન કંપનીના સહયોગથી યોજાયેલા કાર્યક્રમમાં ૪૯માં શહાદત દિને પરમવિર ચક્ર વિજેતાને યાદ કર્યા હતા ટુમેન કંપનીના શ્રી રાજેશ પટેલ દ્વારા શહાદત યાદ કરી હતી.

## અમરેલી જૂનાગઢ વાયા તોરી અને અમરેલી મેંદરડા એસટી બસ પુનઃ શરૂ કરવા માંગણી

### એસટી બસને કારણે બે જિલ્લાને મુશ્કેલી : લોકોને ખાનગી વાહનોનો આધાર

અમરેલી,

અમરેલી જૂનાગઢ વાયા તોરી અને અમરેલી મેદરડા બસ રૂટ પુનઃ શરૂ કરવા માંગણી ઉઠી છે.અમરેલી જીલ્લા ના વડીયા મોટી કુંકાવાવ તાલુકાના છેવાડા નું ગામ રામપુર તોરી સુરવો નદી નો પુલનું કામ પૂર્ણ થયેલ છે જુનાગઢ જીલ્લાના ભેસાણ તાલુકાના ચૂડા (સોરઠ) સાકળી નદી નો પુલ નું કામપૂર્ણ થયેલ છે. તોરી ચૂડા (સોરઠ) વચ્ચે પાંચ કિલોમીટર ના રસ્તો ડામર રોડ નું કામપૂર્ણ થયેલ છે. જેની નોંધ લઈ બે જીલ્લાના છેવાડાઓના અદના આદમી ને ઉપયોગી બસ રૂટો પુનઃ ચાલુ કરવાશ્રી તોરી આઝાદ પુર્વક મંડળ ના પ્રમુખ શ્રી વિનુભાઈ એ. કોટડીયા મુખ્યમંત્રીશ્રીના સ્વાગત કાર્યક્રમ અમરેલી માં પ્રશ્ન મુકેલ ફરજ જવાબ આવેલ જે આ સાથે હુકમ થયેલ એ. એમ ત્રિવેદી નાયબ સચિવ બંદરો અને વાહન વ્યવહાર વિભાગ ક્રમાંક અમ.ટી.સી. ૩૦૨૦૧૨ મંત્રી શ્રી વીઆઇ પી ૪૩ અભધ ગાંધી નગર શ્રી નારણભાઈ કાછડીયા સંસદ સભ્ય શ્રી અમરેલીને પત્રથી ઉપરોકત વિષયની માંગણી કરેલ જવાબ આવેલ એમ.પી. અમરેલી ૯૩૧૬૦૧ -૨૦૧૩ નો જવાબ આવેલ જેનો ઉકેલ થયેલ નથી શ્રી પરેશભાઈ ધાનાણી ધારાસભ્યશ્રી ને પત્ર દ્વારા ઉપરોહિત માંગણી કરેલ જવાબ નંબર ૫૬૩-૧૦ -૨૦૧૩ ઉકેલ આવેલ નથી. શ્રી અસ ઘોડાસરા અધ્યયક્ષ શ્રી ગુજરાત રાજય માર્ગવાહન વ્યાવહાર નિગમ ને પત્ર દ્વારા માંગણી કરેલ જવાબ આવેલ ક્રમાંક સ.સ.જ ૪૦૪ -૨૦૧૨ નો પત્ર દ્વારા હુકમ થયેલ ઉપરોકત અરજી ની વિગતો ધ્યાને લઈ બે જીલ્લાને જોડતી બદ રૂડો પૂન શરૂ કરવા સત્વરે હાથ ધરી કાર્યવાહી કરવા વિભાગીય નીયામક શ્રી ગુજરાત રાજય માર્ગ અને વાહન વ્યવહાર નિગમ જુનાગઢ અને વિભાગીય નિયામક શ્રી ગુજરાતય રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ અમરેલી ને અંગત સચિવ શ્રી જે.વી. શાહ દ્વારા હુકમ કરેલ જેનો અમલ નહિ થતા જેની ગંભીર નોંધ લઈ હુકમનો અમલ નહિ થાય તો ના છુટકે ગાંધી ચીધ્યા રાહે આંદોલન કરવા ની ફરજ પડશે અમરેલી જીલ્લાના અને જુનાગઢ જીલ્લાના છેવાડા ના ગામડાઓ તોરી રામપુર ,નાજાપૂર , બાલાપુર ,મોટા પીઠડીયા હડાળા ચોકડી વાઘણીયા જુના ,નવા મોટી કુંકાવાવ વગેરે ગામડાઓ ચુડા ( સોરઠ) ગળથ બરવાળા ,રફાળીયા ,પરબવાવડી, ખંભાળીયા, અને ભેંસાણ વગેરે ગામડાઓના અદના આદમી ને આશીવાદ સમાન બસો રૂટ નીરસ્તાની મુશ્કેલીઓ નહી હોવા છતાં ચાલુ થતી જ નથી. આજે રસ્તા ની કામગીરી પૂર્ણ થયેલ છે. એકબીજા ગામડા ઓ માં જવા આવવા ની ગામડના લોકોને પારાવાર મુશ્કેલી નો સામનો કરવો પડે છે જેની નોંધ લઈ તંત્ર તરત ઉપરોકત બસો ચાલુ નહિ થાય તો આંદોલન કરવા ની ફરજ પડશે.

## આંબરડીમાં શિવ આરાધના ગૃપ દ્વારા શ્રી ગણપતિદાદાનું વિસર્જન

સાવરકુંડલા,

સાવરકુંડલાના આંબરડી ગામે વિઘ્નકર્તા પાર્વતિનંદન ને દસદિવસના સ્થાપન બાદ શિવ -આસ્થા ગૃપ દ્વારા ઈકો ફ્રેન્ડલી ગણપતિદાદાનું વિસર્જન કરવામાં આવ્યુ હતુ.

સૌરાષ્ટ્રમાં હવે મોટા શેહેરો સાથે ગામડાઓમાં પણ ઠેરઠેર ગણેશ ઉત્સવનો મહિમા ઉજાગર થયેલો છે. સાવરકુંડલાનાં આંબરડીમાં શિવ આસ્થા ગૃપ દ્વારા ઈકો ફ્રેન્ડલી દુંદાળા દેવનું સ્થાપન બાદ દસમા દિવસે ડી.જે. સાઉન્ડ કે અબીલ ગુલાલની છોળો ન ઉડાડી પ્રકૃતિને નુકશાન ન થાય તેની સંપુર્ણ ભેદારી રાખી ને સુભાષ ત્રિવેદી અને ગૃપ દ્વારા ભાવભેર ગણપતિદાદાને વિદાય આપેલ હતી.

## લીલીયાનાં ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તાઓ બેહાલ બન્યા

### મોટા લીલિયા, અંટાળિયા, સાજણટીંબા, હાથીગઢ, હરીપર, ગુંદરણના રસ્તા રીપેર કરવા શ્રી બંધીયાની માંગ

એકલેરા, સામાજિક કાર્યકર ગીગાભાઈ બંધીયાએ જણાવેલ છે કે લીલિયા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારના રોડ બેહાલ બનેલ છે. સતાધારી પક્ષના નેતા ઘુટણ સુધી ઝભ્ભા ધારણ કરી ચૂંટણી ટાણે બીલાડીનાં ટોપ જેમ ઉગી નીકળે છે. કહેવાતા લોકસેવક લીલિયા મોટા, અંટાળિયા, સાંજણટીંબાથી હાથીગઢ, હરીપર, ગામ તેમજ સાજણટીંબા, હરીપર, ગુંદરણ ગામ સુધી ટુ વ્હીલર પ્રવાસ કરે તો વિકાસના ઢોલ વગાડતાૂજા સેવકને ખ્યાલ આવે કે લીલીયા વિસ્તાર ના રોડ રસ્તા માં મસમોટા ખાડા પડયા છે . તે જોવામાં આવે આ બાબતે અનેક વખત રજુઆત કરેલ છે છતા લીલીયા તાલુકા ના શહેર તથા ગામડા ના રસ્તા રીપેર થતા નથી ત્યારે ગીગાભાઈ બંધીયા નિવેદન માં જણાવે છ` કે તાત્કાલીક અસરથી તપાસ કરાવી ને ઉખડી ગયેલ રોડ રસ્તાની મરામત કરવા માંગણી કરેલ છે અને જણાવેલ છે કે ગુંદરણ ગામના પાદરમાં ભયજનક ડ્રીપ આવેલ છે . તેમા વરસાદ ના પાણીના ધોડાપુર આવે છે .ત્યારે અનેક વાહનો આવેલ વરસાદ ના પુર ન ઉતરે ત્યા સુધી આ ડ્રીપ કોજવે ની બંને બાજુ વાહન કલાકો સુધી ઠબ થઈ જાય છે ત્યારે ગામ લોકોની ઘણા લાંબા ટાઈમ થી આવેલ નાળાને સ્લેબ ભરી ને પુલ બાંધવા માં આવે તો અનેક ગામડાનો પ્રશ્ર હલ થાય તેમ છે . ત્યારે આ વિસ્તાર ના ધારાસભ્ય શ્રી લીલીયા તાલુકા ના રોડ રસ્તાની થઈ ગયેલ પાયમાલી ની રજુઆત કરે તેવી લીલીયા તાલુકા ના ગામડાના લોકોની માંગણી છે . તેમ નિવેદન ના અંત માં ગીગાભાઈ બંધીયા જણાવે છે.

## ખાંભાનાં ડેડાણ ગામની પ્રાથમિક શાળામાં જ્ઞાન સપ્તાહની ઉજવણી

### સરપંચ સહિત ગ્રામજનોની ઉપસ્થિતિ : છેલ્લા દિવસે ગુરૂવંદના કાર્યક્રમ યોજાયો

ડેડાણ,

ખાંભાનાં ડેડાણમાં જ્ઞાનસપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.ખાંભા તાલુકાના ડેડાણ પ્રાથમિક શાળામાં તા. ૩૦/૮ થી તા. ૫/૯ સુધી જ્ઞાન સપ્તાહની ઉજવણી કરવામાન આવી હતી.

તા. ૫/૯ ના છેલ્લા દિવસે ઉત્સાહ પુર્વક ગુરૂવંદના કાર્યક્રમ ઉજવવામાં આવેલ આ પ્રસંગે ગ્રામજનો, સરપંચ, ઉપસરપંચ, એસ.એમ.સી. સભ્યો, શાળા પરિવાર દ્વારા સુંદર આયોજન થી ઉજવણી કરવામાં આવી હોવાનું બહાદુર અલી હીરાણીની યાદીમાં જણાવેલ છે.

## બાબરા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની સામાન્ય સભા મળી

બાબરા,માકેટ યાર્ડ બાબરા ના ચેરમેન શ્રી જીવાજીભાઈ કે. રાઠોડ દ્વારા બજાર સમિતિ બાબરાની તા ૫/૯/૨૦૧૪ ના રોજ મળેલ જનરલ સામાન્ય સભાનાં બાબરા તાલુકા ખેડૂત ખાતેદારો માટે આકસ્મીક મૃત્યુ વિમા યોજના શરૂ કરવા માટે પ્રસ્તાવ મુકવામાં આવેલ અને જણાવેલ કે બાબરા વિસ્તારના કોઈપણ ખેડૂત ખાતેદારનું આકસ્મિત મૃત્યુ થાય તો બજાર સમિતિ બાબરા તરફથી વિમા સ્વરૂપે તેમના પરિવારજનોને આર્થીક મદદ મળી રહે વધુમાં તે તેઓએ જણાવ્યુ કે બજાર સમિતિ એ ખેડુતો ની સંસ્થા છે અને ખેડૂતોના હીત માટે સદાય આણે ખેડૂતની પડખે ઉભુ રહવુ પડે તે આપણી તૈતીક ફરજ પણ છે. જેથી બાબરા વિસ્તારના ખેડૂત ખાતેદાર નુ આકસ્કિમ મૃત્યુ થાય તો બજાર સમિતિ રૂ. ૫૧૦૦૦/ તેમના પરિવારજનોને આર્થીક મદદ કરશે ચેરમેનશ્રી જીવાજીભાઈ કે રાઠોડ દ્વારા મુકવામાં આવેલ પ્રસ્તાવ ને બજાર સમિતિના વાઈસ ચેરમેનશ્રી વિઠલભાઈ કે તલાવડીયા સદસ્યશ્રી બિપીનભાઈ જે. રાદડીયા સદસ્યશ્રી વાલજીભાઈ એન. ખોખરીયા, સદસ્ય શ્રી ભીખાભાઈ એમ. કથીરીયા સદસ્યશ્રી વાઘજીભાઈ વાઘેલા સદસ્યશ્રી નિતિનભાઈ નથવાણી સદસ્ય શ્રી ગોવિંદભાઈ બાવળીયા ,સદસ્યશ્રી અશ્વિનભાઈ ટાઢાણી તેમજ સદસ્યશ્રી નિતિનભાઈ એન. રાઠોડ દ્વારા સહર્ષ પ્રસ્તાવને ઉભી કરેલ બજારુ સમિતિ બાબરાના ચેરમેનશ્રી જીવાજીભાઈ કે. રાઠોડ તેમજ બજાર સમિતિ બાબરાના સદસ્યશ્રીઓ ખેડૂતના પ્રશ્નો માટે હમેશ જાગૃત રહે છે જે બાબરા તાલુકા માટે ગૈરવની બાબત છે.

# અમરેલીમાં બાલશ્રી એવોર્ડ પસંદગી કાર્યક્રમ યોજાયો



અમરેલીમાં ચિલ્ડ્રન્સ બાલભવન ખાતે રાષ્ટ્રીય બાલશ્રી એવોર્ડ પસંદગી માટે યોજાયેલા કાર્યક્રમનું બાળકોએ દીપ પ્રાગટય કર્યુ તે સમારોહમાં તજજ્ઞો શ્રી શ્રધ્ધાબેન , શ્રી પંડયા, શ્રી માંડલીયા, શાંતીભાઈ જેઠવા, દિનેશભાઈ ત્રિવેદી, બાલભવનના અધિકારી જયરાજવાળા, ડેપ્યુટી ડાયરેકટર નિલેશ પાઠક, પંકજ લશ્કરી, પ્રો.ડોડીયા, અરૂણભાઈ પાનસુરીયા, પ્રો. ગોંડલીયા સહીત જિલ્લાભરના બાળકો તસ્વીરમાં નજરે પડે છે.

ડો. મનાલી ભાડ
(બી.ડી.એસ.)
દાંતના રોગોના નિષ્ણાંત
શ્રી રાઘવેન્દ્ર મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
કેરીયારોડ, અમરેલી

ગોકુલ ફર્નીચર

સત્યમેવજયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
અમરેલી તા.૧૨-૯-૨૦૧૪ શુક્રવાર


શ્યામ
શ્યામ ડાઇનીંગ હોલ

ઓપરેશન વિના
હરસ-મસા
ફીશરની સારવાર
ડૉ. ચેતન બનજારા

# જાફરાબાદ ચિંતન શિબીરમાં પડતર પ્રશ્નોની ચર્ચા

**કલેકટરશ્રી ડી.ડી.ઓ.એસ.પી.ની ઉપસ્થિતીમાં પ્રશ્નોની ચર્ચા વિચારણા સાથે કામો ગતિશીલ બનાવવા આદેશ**



રાજુલા,

જાફરાબાદના વહીવટી તંત્ર દ્વારા અલ્ટ્રાટેક કોલોનીમાં ગતિશીલ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત બે દિવસ સુધી ચિંતનશિબીરનું આયોજન કરવામાં આવ્યુ હતુ આ શિબીરનુ ઉદઘાટન કલેકટરશ્રી અજયકુમારના હસ્તે કરવામાં આવ્યુ હતુ જિલ્લા વિકાસ અધિકારીશ્રી સુજીતકુમાર એસ.પી.મકરંદ ચૌહાણની ઉપસ્થિતમાં સરકારશ્રીની વિવિધ યોજનાઓને સફળ બનાવવા અને લક્ષ્યાંક સિધ્ધી પહોંચવા આયોજન કરવા અને યોજનાની અમલવારીમાં અવરોધરૂપ પરીબળો વિશે ચિંતન કરવામાં આવ્યુ હતુ શિબીરમાં જોડાયેલા તાલુકાના શિક્ષણ આરોગ્ય પંચાયત બાલ વિકાસ સિંચાઇ પાણી પુરવઠાનાં વર્ગ ૧,૨ ૩ ના ને પડતર પ્રશ્નો અન્વયે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી જે અંગે કલેકટરશ્રીએ વિચાર વિમર્શ કર્યો હતો જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ તાલુકાનો સર્વાંગી વિકાસ સંકલન આયોજન વહીવટીમાં ગતિશીલતા લાવવા જણાવ્યુ હતુ નાયબ કલેકટરશ્રીએ ચિંતન શિબીર દુરગામી હકારાત્મક પરિણામોની ચર્ચા કરી હતી આ શિબીર મામલતદારશ્રી પંડયા ડી વાય એસ પી શ્રી પરમાર ટીડીઓ શ્રી બગડા કે.નિ શ્રી વાઢેર બી.આર.સી શશીભાઇ રાજયગુરૂ પી.આઇ.શ્રી. કરણ સી.ડી.પી.ઓ મંજુલાબેન કોલડીયા શ્રી કયુર પી.એસ.આઇ.શ્રી આચાર્ય સભાપતિ ભગુભાઇ સોલંકી મહેશ ગોસ્વામી વિ.ઉપસ્થિત રહયા હતા

## બગસરામાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

**નિદાન કેમ્પમાં નિષ્ણાંત તબીબો સેવાઓ આપશે**

બગસરા ,

બગસરાની અવધ હોસ્પીટલ ધ્વારાં રવિવાર ના સર્વ રોગનિદાન કેમ્પનુ આયોજન કરવામાં આવેલ.બગસરા માં તા ૧૪/ને રવિવારના સવારે ૯/૩૦ થી બપોરના ૨/ ૭૧ સુધી સર્વરોગ નિદાન કેમ્પનુ આયોજન કરવામા આવેલ છે આકેમ્પ માં સ્ત્રી રોગ નિષ્ણાંત ડો. જેનીલ ચીકાણી જનરલ ઝીશ્યન, ડો. સમીર ,ડો. રવિજોષી ઓથોપેડી ડો અચુત ભાઇ ફીરદ પોતાની સેવા આપશે તો બહોળી સંખ્યામાં દર્દીઓએ સર્વરોગ નિદાન કેમ્પનો લાભ લેવા અનુરોધ કરવામાં આવેલ છે.

# અમરેલીમાં એ.ટી.વી.ટી. યોજના હેઠળ ઈજનેરોની જગ્યાઓ તાકીદે ભરવા માંગણી

**અમરેલી જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી જયંતિભાઇ કવાડીયાને રજુઆત કરતા અમરેલી જિલ્લા પંચાયત પ્રમુખશ્રી શરદભાઇ લાખાણી**



અમરેલી,

અમરેલી જિલ્લા પંચાયત કચેરી દ્વારા અમરેલી જિલ્લાની એ.ટી.વી.ટી. યોજના અંતર્ગત જગ્યાઓ ખાલી હોવાથી એ.ટી.વી.ટી. ખાતે તા.૨૧/૧૧/૨૦૧૧ થી તાંત્રીક એકમમાં બે અ.મ.ઇ.ની નિમણુંક કરવામાં આવેલ હતી પરંતુ હાલ ના.કા.ઇ.શ્રી નિવૃત થતા હોય તેમનો વધારાનો ચાર્જ આ પૈકી એક અ.મ.ઇ.સંભાળે છે જેથી અ.મ.ઇ.તરીકે ફક્ત એકજ અ.મ.ઇ કામ કરે છે જેથી એ.ટી.વી.ટી. યોજનાના કામોના અમલીકરણમાં મુશ્કેલી ઉભી થાય છે આ ખાલી પડનાર જગ્યા ઉપર સરકારશ્રીના અન્ય વિભાગોમાં જેમકે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં નિવૃત મ.ઇ./ અ.મ.ઇ.ની એડહોક ધોરણે નિમણુંક આપવામાં આવે તો એ.ટી.વી.ટી.યોજનાના કામોના અમલીકરણ કામગીરી સુચારૂ રૂપે કરી શકાય અને આ યોજનાનો લાભ ગ્રામ્ય વિસ્તાર સુધી પહોચાડી શકાય તો મ.ઇ./ અ.મ.ઇ.ની જગ્યાઓ પણ એડહોક ધોરણે તાત્કાલીક ભરવામાં આવે તે અંગેની ઘટીત કાર્યવાહી તાકીદે કરવા ભલામણ કરેલ છે તેમ જિલ્લા પંચાયત પ્રમુખશ્રીના કાર્યાલની યાદી જણાવે છે

# જાફરાબાદમાં બુધ્ધિચાતુર્ય કસોટી યોજાઇ

**સામાન્ય જ્ઞાન કસોટીનું પારેખ મહેતા હાઇસ્કુલમાં આયોજન : પ્રોત્સાહન**

જાફરાબાદ,

પારેખ અને મહેતા હાઇસ્કુલ જાફરાબાદમાં કેન્દ્રમાં શ્રી વિકાસ વર્તુળ ટ્રસ્ટ ભાવનગર આયોજીત સામાન્ય જ્ઞાન બુદ્વિચાતુર્ય કસોટી તા ૭/૯/૨૦૧૪ ને રવિવારનાં સવારે ૯થી ૧૦:૪૫ કલાક દરમિયાન લેવામાં આવેલ જે અન્વયે કેમ્પસની તમામ શાળાઓનાં બાળકોએ ખૂબજ બહોળી સંખ્યામાં આ પરીક્ષામાં ઉપસ્થિ રહેલ

જેમાં શ્રી પારેખ મહેતા હાઇસ્કુલનાં ૧૪૫ શ્રી કે.પી. મહેતા હાઇસ્કુલ ૧૦૨ શ્રી ટીજી.સંઘવીશાળા - ૧૦૮ અને શ્રી ડાંડિયા મિડલ સ્કુલનાં ૨૭ મળીને ધો-૬ થી ૧૨ નાં કુલ ૩૮૨ બાળકોએ ખૂબજ ઉત્સાહપૂર્વક ભવિષ્ય માટે ઉપયોગી એવી આ પરીક્ષામાં ભાગ લીધેલ સમગ્ર પરીક્ષાનું સંચાલન કેન્દ્ર સંચાલકશ્રી નારભાઇ ઢગલ દ્વારા કરવામાં આવેલ પરીક્ષાનુ સુપરવિઝન કાર્ય શ્રી કપિલભાઇ વ્યાસ, એન.કે. વાઢેળ ,શ્રી યુ.કે.વાઝા, શ્રી મોહનભાઇ પરમાર, કુ. સવિતાબેન, ભૂમિકાબેન ,જિજ્ઞાબેન ,સંગીતાબેન વગેરે દ્વારા ખૂબજ સુબારુ વર્ગસંચાલન કાર્ય કરેલ શાળાના આચાર્યશ્રી પુંભડિયા શ્રી અને નિયામક શ્રી રામાનંદી શ્રી દ્વારા પરીક્ષા સુવ્યવસ્થાપન જાળવવા જહેમત ઉઠાવેલ વહીવટી કાર્યમાં શ્રી ભરતભાઇ જોશી સહભાગી થયેલ કેમ્પસ ડાયરેકટર શ્રી ગૌતમભાઇ જોશી દ્વારા આયોજકોને અને વિદ્યાર્થી ભાઇ

**વાહ કયા સીન હૈ..!**

**પૂર્વી**



વિજપડી ગામના ભરતભાઇ ત્રિવેદી તેમજ પૂષ્પાબેન ત્રિવેદીની લાડલી દીકરી પૂર્વીનો આજે જન્મ દિવસ છે તો કેક ખાવા આવજો હોને

# શ્રદ્ધાંજલી



**સ્વ. પાતાબાપુ ભીમબાપુ વરૂ**
**સ્વ. તા. ૧-૯-૨૦૧૪ ગામ નાગેશ્રી**

આપની અણધારી વિદાય પછી પણ આપના સંબંધોની
સુવાસ અને સેવાની ભાવના કાયમ માટે મહેકતી રહેશે.
સમાજના નાનામાં નાના માણસના કાર્ય માટે
આપશ્રીએ હંમેશ તત્પરતા દાખવી છે. નાગેશ્રી ગામના
સરપંચ તરીકેની આપની ૨૦ વર્ષોની સેવાઓ
સદાકાળ યાદ રહેશે. આપશ્રીની અણધારી વિદાયથી સગા,
સંબંધીઓ, આપ્તજનોને ખુબ મોટી ખોટ પડી છે.
ઈશ્વર આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લી.

વાળા આલકુભાઈ નાગભાઈ (રાયપર)
વાળા અરવિંદભાઈ નાગભાઈ (રાયપર)
વાળા હરપાલભાઈ એન. (પાંચવડા)
વાળા રઘુવીરભાઈ અરવિંદભાઈ (રાયપર)
વાળા હરપાલભાઈ આલકુભાઈ (રાયપર)

